## સિનીયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગરના રજત જયંતિ મહોત્સવની સાથે સાથે...

- પ્રારંભમાં ગત વર્ષે અવસાન પામેલા સંસ્થાના ત્રણ સભ્યોના સ્મરણમાં બે મિનિટનું મૌન પાળવવામાં આવ્યુ.
- મહિલા પાંખના સહ કન્વીનર સરોજ દેસાઈની પૌત્રી રિયાનીએ ગણેશ સ્તુતિ સાથે કાર્યક્રમનું પ્રારંભ થયો.
- સમદર્શન આશ્રમનાં પૂજ્ય ગુરૂમાએ દીપ પ્રાગટ્ય કરીને મહોત્સવને ખુલ્લુ મુક્યુ. તેમણે સિસિકેના સભ્યોની પરિપકવતાને બિરદાવતાં આંતરિક અંતરની સમતા એમ કહ્યુ.
- સેવા પરમો ધર્મ સાથે કાર્યરત આ સંસ્થાને વર્ષ ૨૦૦૮માં શ્રેષ્ઠ સેવાયજ્ઞનો એવોર્ડ અખિલ ભારતીય વરિષ્ઠ નાગરિક મહાસંઘ દ્વારા પ્રાપ્ત થયો છે.
- જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીના હસ્તે સંસ્થાના મુખપત્ર સેવાયજ્ઞના વિશેષ અંકનું વિમોચન થયું.
- પ્રારંભિક બેઠકમાં મહોત્સવ સમિતિના કન્વીનર કૃષ્ણકાન્ત જહાએ આવકાર પ્રવચન કરીને સિનીયર સિટીજન સંસ્થા આ નગરમાં યુવા વર્ગની સંસ્થાઓ જેટલી સક્રિય છે એમ જણાવ્યું.
- પૂજ્ય ગુરૂમાએ ગુજરાતની સેવાકિય પ્રવૃત્તિઓને દેશમાં અગ્રેસર



ગણાવી કહ્યુ કે શ્રીકૃષ્ણ ગોવર્ધન ઉઠાવે ત્યારે લાકડી અડાડવાનું પુણ્ય પણ ગુજરાતીઓએ જ મેળવ્યુ છે.
- ગીજુભાઈ ત્રિવેદીના ભાઈ ૮૯ વરસના અમૃતભાઈ ત્રિવેદીને મંચ પર બોલાવીને સન્માનિત કરાવ્યા ત્યારે તાળીઓના ગડગડાટથી આખો હોલ ગુંજી ઉઠ્યો.
- સિનીયર સિટીજન્સના કાઉન્સીલના પ્રમુખ હસમુખ બી. શાહે ખુબ સુંદર કંઠે જીવન અંજલી થાજો ગીત ભાવસભર રીતે રજુ કર્યુ.
- મહોત્સવના પ્રમુખ ભાનુભાઈ પુરાણીએ સ્વર્ગસ્થ ગીજુભાઈ ત્રિવેદી ગાંધી સ્મૃતિનિધી વ્યાખ્યાન પ્રતિવર્ષ માહે ફેબ્રુઆરીમાં યોજાય છે.
- પ્રથમ સેશનનું વ્યાખ્યાન આપતા રઘુવીર ચૌધરી શરીર સાચવો અને જીવન જીવો. સુત્ર આપીને આ સંસ્થાની જલતી જ્યોત આગામી વર્ષોની વધુ પ્રકાશમય બનાવશે તેમ જણાવ્યુ. ગાંધીનગરની પ્રજા સેવામાં શ્રદ્ધા રાખે છે તેનો ઉલ્લેખ કર્યો.
- ગુજરાતી સાહિત્ય પરિષદનું પાટનગરમાં યોજાયેલુ અધિવેશન અત્યાર સુધીના તમામ અધિવેશનોમાં શ્રેષ્ઠ રહ્યુ છે તેને બિરદાવ્યુ.

# માણસાના ધોળાકુવામાં વીજળીના પ્રશ્નો અંગે બેઠક માટે જીઈબીના અધિકારીઓને સૂચના

ગાંધીનગર, તા. ૨૪

ગ્રામીણ વિસ્તારોમાં વિકાસના કામોને વેગ આપવા માટે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ રાત્રિ ગ્રામસભા માણસા તાલુકાના ધોળાકુવા ગામે ગઈકાલે યોજવામાં આવી હતી.

ગ્રામીણ વિસ્તારમાં દબાણ, પાણી પુરવઠા તેમજ વીજ પુરવઠા સહિતના વિવિધ પ્રશ્નોની રજુઆત ગ્રામજનો દ્વારા કરવામાં આવી હતી. ગ્રામીણ વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો ચાલે પણ મહોલ્લાની અંદર આવેલ લાઈટો બંધ રહેતી હોવાની રજુઆત ખુબજ ઉગ્રતાથી આ સભામાં થઈ હતી. પુરતા પ્રમાણમાં વીજ પુરવઠો નહિ મળતો હોવા ઉપરાંત જે પુરવઠો મળે છે તેને કારણે અદ્યતન સુવિધાના વીજ ઉપકરણો ચાલતા નહિ હોવાની પણ રજુઆતને પગલે જિલ્લા કલેક્ટર પણ ચોંકી ઉઠ્યા હતા.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલે તાત્કાલિક વીજ બોર્ડના અધિકારીઓને આ બાબતે મામલતદાર અને ટીડીઓને સાથે રાખી મંગળવારે જ બેઠક કરી ઉકેલ લાવવા સૂચના આપી હતી.

ધોળાકુવામાં ગટર તેમજ ઘનકચરાના નિકાલની સમસ્યાને લઈ પણ ગ્રામજનોએ રજુઆત કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની જવાબદારી, તેનું મહત્વ, તેની ફરજો અને કાર્યો વિશે વિગતવાર છણાવટ કરી ગામના લોકોને વેરા સમયસર ભરવા માટેનો આગ્રહ કર્યો હતો. તેમણે વિકાસના કામો માટે મળતી ગ્રાન્ટ અને તેના વપરાશને લઈ પણ જાણકારી આપી હતી.

આ ગ્રામસભામાં કલેક્ટર, ડીડીઓ, જિલ્લાના અધિકારીઓ તેમજ તાલુકાના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. દોઢ કલાકથી વધુ સમય સુધી આ ગ્રામસભા ચાલી હતી.

અગાઉ આવી ગ્રામસભા જિલ્લાના અંતરિયાળ ગામ મોટી પાવઠી ખાતે યોજાઈ હતી. આગામી દિવસોમાં પણ આ અભિયાન ચાલુ રહેશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# પુરુષાર્થ વગર સફળતા નથી મળતી : જનક ઠક્કર

### ગાંધીનગરના યુવા અભિનેતાનું શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીતવા બદલ સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૪

'જીવનમાં ખૂબ મહેનત કર્યા પછી આજે મને આ સન્માન પ્રાપ્ત થયું છે માટે તમે પણ ખૂબ મહેનત કરજો, કેમકે પુરુષાર્થ વિના સફળતા મળતી નથી.' આ શીખ ગાંધીનગરના સુપ્રસિદ્ધ અભિનેતા




જનક ઠક્કરે આજે સેક્ટર-૧૬ની પ્રાથમિક શાળાના બાળકોને આપી હતી. સેક્ટર-૧૬ પ્રાથમિક શાળા ખાતે આજે જનક ઠક્કરને ટ્રાન્સ મિડીયાનો શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીતવા બદલ સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગરના ટીવી-ફિલ્મ તથા રંગભૂમિ ક્ષેત્રે પ્રભાવશાળી અભિનયના અજવાળા પાથરનાર યુવા અભિનેતા જનક ઠક્કરને તાજેતરમાં ટ્રાન્સમિડીયા દ્વારા શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. જનક ઠક્કરની આ સિદ્ધિને અનુલક્ષીને આજે સે. ૧૬ ખાતે સન્માનવામાં આવ્યા હતા. જેમાં સ્થાનિક સમાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, કોર્પોરેટર અંકિત બારોટ, સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા, વિવેકસિંહ ચૌહાણ, યોગેશભાઈ દરજી, ઉપરાંત હમ ગૃપના સભ્યો અને આઈઆઈટીના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં જનક ઠક્કરને શાલ ઓઢાડી, સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના સમાપને આચાર્ય અરૂણભાઈ પટેલે આભારદર્શન વ્યક્ત કર્યુ હતું.

# કલોલના પ્રેમીયુગલની સુઘડ કેનાલમાં છલાંગ : યુવતી બચી ગઈ

### પરિણીત યુવતીના કપડામાં હવા ભરાઈ જતાં બચી ગઈ : પ્રેમી યુવક ડુબી ગયો : કેનાલમાં શોધખોળ જારી

ગાંધીનગર, તા. ૨૪

કલોલના એક ગામની પરિણીત યુવતી અને તેનો પ્રેમી યુવક બંને ગઈકાલે મોડી સાંજે અડાલજ નજીક સુઘડ નર્મદા કેનાલ પાસે આવી ગયા હતા. કેનાલ પરથી બંનેએ એકબીજાના હાથ પકડીને છલાંગ લગાવી મુકી હતી. જો કે મુસ્લીમ યુવક કેનાલમાં ડુબી ગયો હતો જ્યારે પરિણીત યુવતીને પોતાનો પેટીકોટ ઘેરાઈ જતા તેમાં હવા ભરાઈ જતા યુવતીનો અદ્‌ભુત બચાવ થવા પામ્યો હતો. ઘટનાની જાણ અડાલજ પોલીસને થતા સ્થળ પર ટીમ પહોંચી ગઈ હતી અને બચી ગયેલી યુવતીનાં પરિવારજનોને બોલાવી લીધી હતી. તો બીજી તરફ ડુબી ગયેલા યુવકની કેનાલમાં શોધખોળ હાથ ધરવામાં આવી છે જો કે મોડી સાંજ સુધી તેના સગડ મળ્યા ન હતા.

મળતી વિગતો મુજબ કલોલના એક ગામમાં રહેતી પરિણીત હિન્દુ યુવતી અને અપરણીત મુસ્લીમ યુવક એકબીજાના પ્રેમમાં હતા. પરંતુ પ્રેમસંબંધ લગ્ન સંબંધમાં પરીણમી શકે તેવી શક્યતા નહીવત જણાતા એકબીજાને સાથે જીવવા-મરવાના આપેલા કોલ મુજબ ગઈકાલે ઘરેથી બંને નીકળી ગયા હતા.

અડાલજ નજીક સુઘડ નર્મદા કેનાલ પાસે બંને પ્રેમી યુગલ પહોંચી ગયુ હતુ અને મોડીસાંજે સુઘડ કેનાલમાં બંનેએ સાથે પડતુ મુકી દીધુ હતુ. પ્રેમીકાએ પહેરેલા પેટીકોટ (ચણીયો)માં હવા ભરાઈ જતા ફુગ્ગો બની જતા તે તરતી રહી અને બચી ગઈ હતી. તો બીજી તરફ પ્રેમી યુવક કેનાલમાં તરફડીયા મારતા મારતા ડુબી ગયો હતો. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ડુબી ગયેલા પ્રમી યુવકની કેનાલમાં તરવૈયાઓ મારફતે શોધખોળ શરૂ કરી છે. જો કે આજે મોડી સાંજ સુધી તેની કોઈ ભાળ મળી ન હતી.

### અંબાપુર કેનાલમાં અમદાવાદના યુવાનનો આપઘાત

અમદાવાદના બહીરામપુર વિસ્તારમાં રહેતો ૨૩ વર્ષિય યુવાન અરૂણ કાળુભાઈ વડોદરીયા ગઈકાલે કોઈ કારણોસર પોતાના ઘરેથી રીક્ષા લઈને નીકળી ગયો હતો. આજે સવારે આ રીક્ષા ગાંધીનગર નજીક અંબાપુર નર્મદા કેનાલ બહારથી મળી આવતા પોલીસે રીક્ષા નંબર આધારે પરિવારનો સંપર્ક કર્યો હતો. કેનાલમાં યુવાન ડુબી ગયો હોવાની શંકાને આધારે કેનાલમાં શોધખોળ કરતા સાંજે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

# ટાયર ચોર ગેંગે સે-૨૩માં આઈ-૨૦ કારના ટાયરો ચોર્યા

ગાંધીનગર, તા.૨૪

ટાયર ચોરતી ગેંગ પાટનગરમાં બેફામ બની છે ત્યારે પોલિસ પણ આ ગેંગથી ત્રાસી ગઈ છે. આ ગેંગને પકડવા સીસીટીવી સર્વેલન્સ શરુ કરવા ઉપરાંત રાત્રિ પેટ્રોલીંગ પણ સઘન કરવામાં આવ્યું છે. પરંતુ પોલિસને આ ગેંગ હાથ આવી શકી નથી. ટાયર ચોરતી ગેંગ સે-૨૩માં એક કારને ટાર્ગેટ બનાવી ગઈ છે સે-૨૩ પ્લોટ નં. ૩૭૭માં રહેતા જશવંતભાઈ કાનજીભાઈ માંકડીયાની આઈ-૨૦ કાર નં. જીજે ૧૮ બીએચ ૩૮૪૨ના ચારેય ટાયરની ચોરી કરી આ ગેંગ ફરાર થઈ ગઈ હતી. ૧૮ તારીખે બનેલી આ ઘટના બાદ ઈન્સ્યોરન્સ કંપનીએ પોલિસ ફરિયાદ માંગતા કાર માલિકે સે-૨૧ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### ખોરજના પૂર્વ સરપંચના દિકરાએ

# ભાજપના ઉમેદવારના પતિને મારી નાંખવાની ધમકી આપી

### પૂર્વ સરપંચ કોંગ્રેસનો પ્રચાર કરતા હતા તેવા ફોટો વાયરલ કરતા પૂર્વ સરપંચનો દિકરો ઓપન જીપ લઈને ઘરે હુમલો કરવા પહોંચ્યો હતો

ગાંધીનગર, તા.૨૪

અડાલજ પાસે ખોરજ ગામના પૂર્વ સરપંચ કોંગ્રેસનો પ્રચાર કરતા હતા તેનો ફોટો ખોરજના મહિલા ઉમેદવારના પતિ વોટસએપમાં વાયરલ કરતા પૂર્વ સરપંચનો દિકરો ઓપન જીપ લઈને ફોટો વાયરલ કરનાર ઉમેદવારના પતિના ઘરે પહોંચી ગયો હતો. હુમલો કરે તે પહેલા તેને રોકી લેવાયો હતો પરંતુ જાનથી મારી નાખવાની ધમકી આપતા આ મામલે અડાલજ પોલિસ મથકમાં ભાજપના ઉમેદવારના પતિએ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ ખોરજના ગીતાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ ભાજપમાંથી ચુંટણીમાં ઉભા રહ્યા હતા. ખોરજ ગામના પૂર્વ સરપંચ પ્રહલાદ પટેલ ભાજપમાં પહેલા હતા પરંતુ આ ચૂંટણીમાં કોંગ્રેસનો પ્રચાર કરતા હતા. ગીતાબેન ચૂંટણીમાં હારી ગયા ત્યાર બાદ તેમના પતિ ચંદ્રકાન્તભાઈએ પ્રહલાદભાઈના કોંગ્રેસના પ્રચાર કરતા ફોટો ભાજપ પક્ષમાં વાયરલ કરતાં પ્રહલાદભાઈના દિકરા પ્રજ્ઞેશે ચંદ્રકાન્તભાઈને ફોન કરીને ફોટો વાયરલ કેમ કરે છે તેમ ધમકી આપતા ચંદ્રકાન્તભાઈએ ફોન કટ કરી દીધો. યજ્ઞેશ તેના મિત્રને ઓપન જીપમાં બેસાડીને ચંદ્રકાન્તભાઈના ઘરે લોખંડના સળીયા સાથે પહોંચી ગયો અને હુમલો કરે તે પહેલા પડોશીઓએ અટકાવી શાંત પાડયો હતો. પરત જતી વખતે જાનથી મારવાની ધમકી યજ્ઞેશે આપી હતી. આ મામલે ચંદ્રકાન્તભાઈએ અડાલજ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલિસ ગુનો નોંધી ઘટનાની તપાસ શરુ કરી છે.

# પ્રસન્નતા સાથે જીવાતી જિંદગી એટલે જીંદાદીલી : ચંદ્રકાન્ત મહેતા

ગાંધીનગર, તા. ૨૪

રવિભાણ સંપ્રદાયના આભાંજન વિશે બોલતાં તેમણે કહ્યું કે સવા ત્રણસો વરસના આ સંપ્રદાયના ૪૨ જેટલાં સંતોએ જીવનનું રહસ્ય ગર્ભિત રીતે રજુ કર્યુ છે. અને જીવનના દરેક ક્ષેત્રને જીવવાની ફિલોસોફી આપી છે. શ્રી શંકરાચાર્ય, સ્વામિ વિવેકાનંદ, કે શ્રીમદ્ રાજચંદ્રનું જીવન અલ્પકાળનું હોવા છતાં આજે પણ એમનો સંદેશ આપણને પ્રેરણા આપે છે. એમ 'કેટલું જીવ્યા તેમ નહિ, પણ કેવું જીવ્યા' તે મહત્વનું છે.

વર્તમાન સમયમાં શિક્ષક અને સાધકની શીખવા શીખવાડવાની પદ્ધતિ પર વ્યંગ કરતાં તેમણે કહ્યું કે શિક્ષક ઉભો સારો અને સાધક બેઠો સારો. શ્રી પઢિયારે મનુષ્યદેહ ઈશ્વરે આપેલી અનમોલ ભેટ છે. તેમ જણાવી 'મૂળ રે વિનાનું કાયા ઝાડવું રે...' એ વિષય રસપ્રદ છણાવટ કરી હતી. કાર્યક્રમનું સંકલન અને સંચાલન શ્રીમતી ડૉ. વર્ષા પારેખે કર્યુ હતુ. રાત્રે યોજાયેલાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં ફિલ્મી કલાકાર નરેશ કનોડિયા ઉપસ્થિત રહ્યા હતા. સુરમધુર ફિલ્મગીતોનો રસથાળ જયચંદ રાઠોડ ગ્રુપ દ્વારા રજુ કરાયો હતો. અર્ચના ત્રિવેદી વૃંદ પ્રસ્તુત આનંદ તરંગ નાટકને લોકોએ મનભરીને માણ્યુ હતુ.

બીજા સેશનમાં 'જીંદગી એટલે જીંદાદિલી' વિષય પર વ્યાખ્યાન આપતાં ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ ઉપકુલપતિ અને જાણીતા સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ કહ્યુ કે ડૉક્ટર આપણાં હૃદયના ધબકારા ગણીને નિદાન કરે છે. આપણે આપણું હૃદય બીજા માટે કેટલુ ધબક્યું તેનું નિદાન કરવું જોઈએ સમાજ સાથે અનુકુલન ઉદારતા, આનંદ અને પ્રસન્નતા સાથે જીવાતી જીંદગી એટલે જીંદગી જીંદાદિલી.

અનેક પ્રસંગો અને દૃષ્ટાંતો સાથે ડૉ. મહેતાએ જીંદાદિલી એટલે આપણી જાતને સુધારવાનું અદ્‌ભુત રસાયણ એમ જણાવીને ડૉ. મહેતાએ કહ્યું કે આપણને મિજાજ કરવાનું આવડે છે, પણ બીજાના મિજાજની માવજત એટલે કે સહન કરવાનું આવડતું નથી. તમોને એક જ ઠેકાણે સુધારો કરવાની ગેરંટી રાખી શકો તે છે. તમારૂ હૃદય અહંકારનો ભાગાકાર અને બાદબાકી કરો અને બીજાને મદદરૂપ થવાની ક્ષણો શોધો તો જ સાચી જીંદગી જીંદાદિલીપૂર્વક જીવી શકાય. 'મૂળ રે વિનાનું કાયા ઝાડવું રે...' એ વિષય પર બોલતાં સંત પરંપરાના કવિ ડૉ. દલપત પઢિયારે પાર પામી ન શકાય એવી અપાર સંતવાણી અને અગાધ જળરાશિ એટલે કે પાણીને સમજણપૂર્વક વાપરવાનો અનુરોધ કર્યો હતો.

# ભારતીય રાષ્ટ્ર દર્શનનાં રાષ્ટ્રિય સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

યુનિવર્સિટી સેનેટ હોલ ખાતે વિચારમંચ દ્વારા આયોજીત ભારતીય રાષ્ટ્રદર્શન અંતર્ગત યોજવામાં આવેલા બે દિવસીય રાષ્ટ્રિય સેમીનારમાં રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પોતાના વકતવ્યની શરૂઆત કરતા યોગી અરવિંદને યાદ કરી એ વખતના સમયમાં દેશમાં સર્જાયેલી સામાજીક, બૌધ્ધિક, અને સાંસ્કૃતિક ક્રાંતિની વાત લોકો સમક્ષ રજુ કરી હતી.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, રાષ્ટ્રની સ્વતંત્રતામાં સમગ્ર દેશવાસીઓનો વિશ્વાસ બની રહેવો જોઈએ. તેમણે શ્રી અરવિંદના ઉત્તરપાડાના ભાષણમાં રજુ કરવામાં આવેલી રાષ્ટ્રિયતા, આધ્યાત્મિકતા, સાર્વભૌમત્વ અને સનાતન



ધર્મની વાત ઉદાહરણરૂપે રજુ કરી હતી.

આ પ્રસંગે તેમણે સ્વામિ વિવેકાનંદ દ્વારા રજુ કરવામાં આવેલા પશ્ચિમિ સંસ્કૃતિમાંથી મુક્ત થવાના વિચારોનો ગુઢાર્થ લોકો સમક્ષ રજુ કરી પશ્ચિમી સંસ્કૃતિની માનસીકતામાંથી મુક્ત થવાની વાતનો પણ ઉલ્લેખ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ ભારતીય સાહિત્યમાં રાષ્ટ્રની સમસ્યા અને નિર્માણ વિશે પોતાના વિચારો રજુ કરનારા કવિઓની કવિતામાં રજુ કરાયેલી માર્મિક વાતો પણ લોકો સમક્ષ રજુ કરી હતી.

આ પ્રસંગે મુસ્લીમ વિચારો, ઉપનિવેષિકતાથી ભારતીય માનસ કી મુક્તિ, વંદે માતરમ મારી આત્મકથા, પશ્ચિમીકરણ વિના આધુનિકરણ, શાશ્વત જીવન મુલ્ય નામના પાંચ પુસ્તકોનું પણ મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

ઉત્તરપ્રદેશ વિધાનસભાના અધ્યક્ષ હૃદયનારાયણ દિક્ષીત, ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર હિમાંશુ પંડ્યા, ભારતીય વિચારમંચના ગુજરાત પ્રાંતના અધ્યક્ષ કૈલાશભાઈ શર્મા, વિચારમંચનાં સહમંત્રી, વિજયભાઈ શાહ, દેશના વિવિધ રાજ્યોમાંથી પધારેલા વિચારમંચના આગેવાનો અને સ્થાનિક કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલોમાં ફી નિયમન કાયદાને નામદાર સુપ્રિમ કોર્ટની મળી બહાલી



શ્રી નરેન્દ્રભાઈ મોદી
પ્રધાનમંત્રી, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

નામદાર સુપ્રિમ કોર્ટના હુકમોની મહત્વની બાબતો

- કાયદાનો અમલ વર્ષ ૨૦૧૭-૧૮ શૈક્ષણિક વર્ષથી થશે
- કાયદો ગુજરાત બોર્ડ, સી.બી.એસ.ઈ., આઈ.સી.એસ.ઈ., આઈ.બી. સહિત તમામ બોર્ડની શાળાઓને લાગુ પડશે
- નામદાર સુપ્રિમ કોર્ટના વચગાળાના હુકમ મુજબ આ સમય દરમિયાનમાં શાળા કામચલાઉ ધોરણે ફીનું માળખું જાહેર કરી શકશે, પરંતુ કામચલાઉ ફી કરતાં કોઈ પણ વધુ ફી વસુલ કરી શકશે નહીં
- રાજ્યની ચાર ફી નિયમન સમિતિ તથા ફી રિવીઝન સમિતિના અધ્યક્ષપદ માટે જજોની પસંદગી નામદાર ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દ્વારા કરવાની રહેશે

| વિગત | તારીખ |
|---|---|
| • નામદાર સુપ્રિમ કોર્ટના આદેશાનુસાર રાજ્ય સરકાર ફી માટેનો કટઓફ જાહેર કરશે | તા.૨૮.૨.૨૦૧૮ |
| • રાજ્ય સરકારે નક્કી કરેલ કટઓફથી વધુ ફી લેવા માંગતી શાળાઓએ ઝોનલ સમિતિ સમક્ષ દરખાસ્ત કરવાની મુદત | તા.૧૪.૩.૨૦૧૮ |
| • ફી નિયમન સમિતિ જે-તે શાળાની પ્રોવિઝનલ ફી જાહેર કરશે | તા.૨૮.૩.૨૦૧૮ |
| • પ્રોવિઝનલ ફી સામે વાંધો હોય તો શાળા રજૂઆત કરી શકશે | તા.૪.૪.૨૦૧૮ |
| • ઝોનલ સમિતિ આખરી ફી નક્કી કરશે | તા.૨.૫.૨૦૧૮ |
| • ઝોનલ સમિતિએ નક્કી કરેલ આખરી ફી સામે શાળા રાજ્યકક્ષાની ફી રિવીઝન સમિતિને રજૂઆત કરી શકશે | તા.૨૩.૫.૨૦૧૮ |
| • ફી રિવીઝન સમિતિ ફી અંગે આખરી નિર્ણય કરશે | તા.૨૦.૬.૨૦૧૮ |

- આખરી ફીનો અમલ નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ સિવાય કરી શકાશે નહીં
- નક્કી કરાયેલ ફી કરતાં વધુ રકમ શાળાઓએ પરત-સરભર કરવાની રહેશે
- આ અંગે વધુ સુનાવણી તા.૩.૫.૨૦૧૮ના રોજ મુકરર કરવામાં આવેલ છે.

માહિતી ૨૦૧૭-૧૮ (૭૨)

સ્કૂલ ફી નિયમન થકી વાલીઓના હિતની સાથે સાથે ખાનગી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર